અનુસુચિત જાતિના લોકોને વ્યવસાયનું
સ્થળ/ દુકાન ખરીદવા માટે નાણાંકીય
સહાય/લોન આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પરચ– ૧૦૯૮–ન.બા–૨૪–નબા–૩–(૦૭)ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– 31 MAR 2008

વંચાણે લીધાઃ–

(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા. ૩૦–૩–૯૧ નો ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૧૮૯– ૩૧૯૪ (૯૦)–જ
(૨) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા. ૨૭–૧૧–૯૨ નો ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૯૨–૨૯૦૪–(૨) –જ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૯–૭–૯૯ નો ઠરાવ ક્રમાંકઃ પરચ–૧૦૯૮–નબા–૨૪–ગ

ઠરાવઃ–

અનુસુચિત જાતિના લોકોને ધંધાનું સ્થળ ખરીદવા લોન/ સહાય આપવાની યોજના આમુખમાં ક્રમ (૨) સામે દર્શાવેલ તા. ૨૭–૧૧–૯૨ ના ઠરાવથી અમલમાં છે. આ યોજનામાં આવક મર્યાદા વાર્ષિક રુા. ૨૪૦૦૦/ નિયત કરવામાં આવી છે. આવક મર્યાદાનું આ ધોરણ ઘણા સમય પહેલાં નિયત થયેલ છે, જે વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે પ્રસ્તુત યોજનામાં આવક મર્યાદાનું ધોરણ રુા. ૨૪૦૦૦/ થી વધારીને રુા. ૫૦,૦૦૦/ (પચાસ હજાર) રાખવાનું આથી ઠરાવવામાં આવે છે, અને આ હેતુ માટે વર્ષ ૨૦૦૮–૦૯ ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ નીચે પ્રમાણેની નવી બાબતોને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) રુા. ૯૦,૦૦૦/– વિ–૨ ની નવી બાબત
(૨) રુા. ૪,૧૦,૦૦૦/– વિ–૨ ની નવી બાબત
(૩) રુા. ૩,૦૦,૦૦૦/– વિ–૨ ની નવી બાબત
(૪) રુા. ૧૨,૦૦,૦૦૦/– વિ–૧ ની નવી બાબત

<u>શરતોઃ-</u>

(૧) સને ૨૦૦૮-૦૯ ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દવારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનુ ખર્ચ સરકારશ્રી દવારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૩) યોજનાના ઠરાવની અન્ય શરતો /જોગવાઈ યથાવત રહેશે અને આ અંગેનો વધારાનો ખર્ચ મળવાપાત્ર થશે નહિ.

(૪) આ યોજના અંગેનું ખર્ચ તા. ૧/૪/૨૦૦૮ થી કરવાનું રહેશે.

૨. આ અંગેનું ખર્ચ અંદાજપત્રના નીચેના સદરોએ ઉધારવાનું રહેશે. અને તે હેઠળ થયેલ જોગવાઈઓમાંથી મેળવવાનું રહેશે.

(૧) મુખ્ય સદર ૨૨૨૫ અનુસુચિત જાતિઓ અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા સદર-બીસીકે-૪૩ અનુસુચિત જાતિઓ પેટા યોજના, શહેરી વિસ્તારોમાં નાના ઉધોગ સાહસિકોને નાણાંકીય સહાય

(૨) મુખ્ય સદર -૨૨૨૫, અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ પેટા સદર બીસીકે-૭૩, આદિજાતિ પેટા યોજના ગરીબી નાબૂદી કાર્યક્રમ હેઠળ શહેરી વિસ્તારોમાં અનુસુચિત જાતિના નાના ઉધોગ સાહસિકોને નાણાંકીય સહાય

(૩) મુખ્ય સદર -૬૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ પેટા સદર બીસીકે-૪૩ અુનસુચિત જાતિ પેટા યોજના શહેરી વિસ્તારોમાં નાના ઉધોગ સાહસિકોને નાણાંકીય સહાય

(૪) મુખ્ય સદર -૬૨૨૫, અનુસુચિત જાતિઓ, અુનસુચિત આદિજાતિઓ અને અન્ય પછાવર્ગોનું કલ્યાણ પેટા સદર -બીસીકે-૨૮૪ અનુસુચિત જાતિ પેટા યોજના ગરીબી નાબૂદી કાર્યક્રમ ઉધોગ સાહસિકોને શહેરી વિસ્તારમાં નાણાંકીય સહાય.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૨૫-૩-૨૦૦૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એચ. ગરાસિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.
- રેસીડેન્ટ ઓડિટ ઓફિસર,ગાંધીનગર.
- સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,(નિયામકશ્રી અ.જા.ક.મારફત)
- જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીરી (પંચાયત) ( નિયામકશ્રી અ.જા.ક મારફત)
- વિભાગની અ, અને અ.૧ શાખાઓ
- પસંદગી ફાઈલ.

એચકે૧પેજર૧૩